ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૩/૨૨-૨૩/ 1932 તારીખ : 15 JUN 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી વિજયકુમાર રમેશકુમાર ઉદાણી,**
**હોટલ વિજયપંથ,**
**જીન કમ્પાઉન્ડ,**
**ડો.વાનૈયા સાહેબની સામે,**
**સુરેન્દ્રનગર.**

કેસ નં.૧૩/૨૨-૨૩

**મો.નં – ૯૭૧૨૩ ૦૬૫૬૫**

**વિષય : સરકારશ્રી ની જાહેરાત મુજબ કોરોના સમયનો ફીકસ ચાર્જ બાદ આપવા અંગે.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૬/૦૫/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૦/૦૫/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩/૨૨-૨૩/૧૫૫૮ તા.૧૭/૦૫/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩/૨૨-૨૩/૧૫૬૩ તા.૧૭/૦૫/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૬/૦૫/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી–૨, **સુરેન્દ્રનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૩/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી વિજયકુમાર રમેશકુમાર ઉદાણી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજૂઆતની તારીખઃ– તા.૨૬/૦૫/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી રમેશકુમાર કિશનચંદભાઈ ઉદાણી (વાદી ના પિતા)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી વિજયકુમાર રમેશકુમાર ઉદાણી, મું.સુરેન્દ્રનગર ની સરકારશ્રીની જાહેરાત મુજબ કોરોના સમયનો ફીકસ ચાર્જ બાદ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૩/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩/૨૨–૨૩/૧૫૫૮ તા.૧૭/૦૫/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૬/૦૫/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી વતી તેમના પિતાશ્રી રમેશકુમાર કિશનચંદભાઈ ઉદાણી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી વિજયકુમાર રમેશકુમાર ઉદાણી, સુરેન્દ્રનગર શહેરમાં રહેણાંક ધરાવે છે. તેઓ ગ્રાહક નં–૭૨૬૦૩/૩૦૨૫૬/૬ થી ૩૦.૫ કિ.વો. નું વાણિજ્ય વિજ કનેકશન તા.૧૧/૦૨/૨૦૦૯ થી ધરાવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, સરકારશ્રીની તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ જાહેરાત મુજબ કોરોનાના સમય ગાળા દરમ્યાન હોટલ માટેનો હેતુ ધરાવતા વિજ કનેકશન માં ફીકસ ચાર્જની રકમ જમા મળવાપાત્ર થાય છે.

૧.૩ સદર બાબતે ગ્રાહક દ્વારા ફીકસ ચાર્જ ની રકમ બાદ નહી મળેલ હોવાથી તા.૧૬/૧૧/૨૦૨૧ ના રોજ પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર શહેર–૨ માં અરજી આપી રજૂઆત કરેલ હતી. આમ છતાં, ગ્રાહકને સદર ફીકસ ચાર્જની રકમ બાદ નહી મળવાથી પેટા વિભાગીય કચેરીમાં મળવા છતાં તા.૬/૫/૨૦૨૨ સુધી પણ રકમ જમા આપવામાં આવેલ નથી તેમ જણાવે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ શ્રી વિજયકુમાર રમેશકુમાર ઉદાણી, સુરેન્દ્રનગર ના વતની છે અને સુરેન્દ્રનગર શહેરમાં રહેણાંક ધરાવે છે. તેઓ ગ્રાહક નં–૭૨૬૦૩/૩૦૨૫૬/૬ થી ૩૦.૫ કિ.વો. નું વાણિજય વિજ કનેકશન તા.૧૧/૦૨/૨૦૦૯ થી ધરાવે છે.

૨.૨ સરકારશ્રી દ્વારા જાહેરાત કરવામાં આવેલ તે મુજબ કોરોનાના સમયગાળા દરમ્યાન હેટલ, સિનેમા, રીસોર્ટ, વોટર પાર્કસ, જીમ્નેશીયમ, રેસ્ટોરન્ટ જેવા હેતુ માટે વિજ કનેકશન ધરાવતા હોય તેવા ગ્રાહકોને ધંધા રોજગાર બંધ હોય આર્થિક નુકશાન વેઠવું ના પડે તે માટે તેઆના વિજ બિલમાં ફીકસ ચાર્જની રકમ બાદ આપવી. જે અન્વયે, સરકારશ્રી દ્વારા પરિપત્ર પાડવામાં આવેલ હતો. જે પરિપત્ર મુજબ ગ્રાહકને તા.૧/૪/૨૦૨૧ થી તા.૩૦/૪/૨૦૨૨ સુધીના સમયગાળા માટે ફીકસ ચાર્જ ની રકમ બાદ આપવા માટે જણાવેલ હતું.

૨.૩ સરકારશ્રી ના પરિપત્ર મુજબ જે વિજ ગ્રાહકોને લાભ મળવાપાત્ર થતો હોય તેની માહિતી પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર શહેર–૨ માંથી મેળવવામાં આવેલ હતી. તે મુજબ પેટા વિભાગીય કચેરી દ્વારા કુલ ૩૦ વિજ ગ્રાહકો ની યાદી તૈયાર કરી વડી કચેરીને આપવામાં આવેલ હતી. સદર વિજ કનેકશન વિજયકુમાર રમેશકુમાર ઉદાણી ના નામનું હોવાથી તેઓને ફીકસ ચાર્જની માફી મળવાપાત્ર થતી નહી હોવાથી વડી કચેરી એ નામ મોકલવામાં આવેલ ન હતું.

૨.૪ સદર ગ્રાહક દ્વારા તા.૨૭/૧/૨૦૨૨ ના રોજ વિજ જોડાણ ના નામ સાથે સરનામાની લાઈનમાં C/O વિજયપથ ગેસ્ટહાઉસ ઉમેરવામાં આવેલ હતું. જેની નકલ આ સાથે જોડેલ છે. તેમજ પેટા વિભાગીય કચેરી દ્વારા આપવામાં આવેલ માહિતીની યાદી આ સાથે સામેલ છે.

૨.૫ જે ગ્રાહકોને લાભ મળવાપાત્ર હતો તે ગ્રાહકોના બિલમાં સદર રકમ ઓટા જમા થાય તે માટેની જરૂરી ટેકનીકલ પ્રક્રિયા એક જ સમયે કરવાની હોવાથી તે જ સમયે પૂર્ણ કરવામાં આવેલ હતી.

૨.૬ આમ, સદર ગ્રાહક ને ફીકસ ચાર્જની રકમ જમા આપવા પાત્ર નહી હોવાથી ગ્રાહકની અરજીના અનુસંધાને પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૨૭/૪/૨૦૨૨ ના રોજ પ્રત્યુતર પાઠવવામાં આવેલ હતો. જેની નકલ આ સાથે જોડેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી વિજયકુમાર રમેશકુમાર ઉદાણી દ્વારા તેમના હોટલ ગેસ્ટ હાઉસ ના વિજ કનેકશન નં– ૭૨૬૦૩/૩૦૨૫૬/૬ સામે કોરોના કાળ દરમ્યાન સરકારશ્રી તરફથી વિજ બિલમાં ફીકસ ચાર્જ બાદ કરી આપવાની જાહેરાત અનુસાર ની માફી વિજ બિલમાં જમા ન મળવા અંગેની રજૂઆત ફોરમને કરવામાં આવેલ છે.

૩.૨ પ્રતિવાદી જણાવે છે કે, વાદીનું સદરહુ કનેકશન ૩૦.૫ કિ.વો. નું વાણિજય વિજ કનેકશન તા.૧૧/૨/૨૦૦૯ થી ધરાવે છે. પરંતુ, તા.૨૭/૧/૨૦૨૨ ના રોજ ગ્રાહકના સરનામાની લાઈનમાં C/O વિજયપથ ગેસ્ટહાઉસ ઉમેરવામાં આવેલ હતું. આમ, ત્યાં સુધી સદરહુ કનેકશનં વિજયકુમાર રમેશકુમાર ઉદાણી ના નામે ચાલતુ હોવાથી તેમની વિગત વિજ બિલ રાહત આપવાપાત્ર કનેકશનની યાદીમાં સામેલ થયુ ન હતું.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૩ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન ફોરમ દ્વારા વાદીના વિજ કનેકશન ની ઓરીજનલ કેસ ફાઈલ મંગાવી કનેકશનની તેમજ લોડ વધારા માટેના તથા અન્ય પેપર્સ નો અભ્યાસ કર્યા બાદ કમીટીને જણાય છે કે, પ્રતિવાદી દ્વવારા વાદીના સદરહુ કનેક્શન માટેની કોઈ ચેકિંગ શીટ કે લોડ વધારા બાબતના દસ્તાવેજ રજુ કરેલ નથી. જયારે કે વાદીને સુરેન્દ્રનગર નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ રજી. સર્ટિફિકેટમાં સદરહુ વિજય પંથ ગેસ્ટ હાઉસના કનેક્શનનો નેચર ઓફ બીઝનેસ તા. ૦૬.૦૬.૨૦૧૦ થી **" ગેસ્ટ હાઉસ "** તરીકે રજીસ્ટર થયેલ હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ થયેલ છે. વિશેષમાં પ્રતિવાદી દ્વારા રજુ કરવામાં આવેલ રાહત મેળવવા પાત્ર ૩૦ ગ્રાહકોના લીસ્ટમાં અન્ય એવા પણ ગ્રાહકો છે જેમના કનેક્શનનું બિલીંગ વ્યક્તિગત નામે થતું હોવા છતાં પણ રાહત આપવાપાત્ર સૂચીમાં પ્રતીવાદીની કચેરી દ્વારા મંજુરી માટે સક્ષમ કચેરીને રજુ કરેલ છે.

આમ. ઉપરોક્ત તારણો અને રજુ થયેલ દસ્તાવેજો જોતા સ્પષ્ટ જણાય છે કે વાદીનું વીજ કનેક્શન ગેસ્ટહાઉસ કેટેગરીનું હોઈ "સરકારશ્રી દ્વારા કોવીડ-૧૯ સંક્રમણ હેઠળના વીજ બીલમાં ફિક્સ ચાર્જ ભરવામાંથી એક વર્ષ માટેની મુક્તિ મળવાપાત્ર રાહતના પરિપત્ર" મુજબ રાહત મેળવવા હક્કદાર હોઈ, પ્રતિવાદી પી.જી.વી.સી.એલ.ને આથી સદરહુ પરિપત્ર મુજબ રાહતની મળવાપાત્ર રકમ વાદીના વીજ કનેક્શનના ખાતામાં જમા આપવા હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " 3.3 " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ કનકરોડ ત્રિકોણ બાગ રાજકોટ- ૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૬/૦૫/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar